RIGHT TO INFORMATION

अपील अरजी नं.૪૩૪ ता.૨૫–૧૧ –૧૧

ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામાવતી દેવનાથ યાદવ

સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામાવતી દેવનાથ યાદવની તા. ૪–૧૦ –૧૧ની અરજીથી રામેશ્વરનગર પ્લોટ નં.૩૭૭ (બમરોલી) ના જમીન માલિક નટવરલાલ નારાયણદાસ પછીના દાખલ નામોની ફાઈલ તથા કબ્જા રસીદની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૪/૨૦૧૧–૧૨

શ્રી રામાવતી દેવનાથ યાદવની તા. ૪–૧૦ –૧૧ની અરજીથી રામેશ્વરનગર પ્લોટ નં.૩૭૭ (બમરોલી) ના જમીન માલિક નટવરલાલ નારાયણદાસ પછીના દાખલ નામોની ફાઈલ તથા કબ્જા રસીદની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/અકણ (આરટીઆઈ) / ૧૦૪૨ તા. ૧૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળ અનુસરેલ પ્રક્રિયામાં કાગળોની નકલ સહ વિગતો,માહિતી નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૦૯ તા.૫–૧૨–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની વિગત જણાવેલ ન હોઈ તે તથા ફી ભર્યાની વિગત જણાવવા તથા નારાજગી અંગે જાહેર માહિતી અધિકારીના કલમ–૧૧ હેઠળના ઈન્કાર અંગે જાહેર હિતની અગત્યતા સ્પષ્ટ કરવા તથા ત્રાહિત વ્યકિત શ્રી ગોવિંદભાઈ પટેલને વાંધા અંગે આધારસહ પુનઃ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૧૭૪ તા.૧૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ટેના નં.૬૮એ–૦૭–૪૮૯૧–૦–૦૦૧ ના ટેક્ષ ભર્યા અંગેની સને તા.૪–૧૦–૧૧ ની રસીદની નકલ, ત્રાહિત વ્યકિતએ તા.૧૧–૧૦–૧૧ ના રોજ નામફેર નહીં કરવા બાબતે આપેલ અરજીની નકલ, ત્રાહિત વ્યકિતને કલમ–૧૧ હેઠળ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૭૫ તા.૨૦–૧૦–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ, ત્રાહિત વ્યકિતએ કબ્જા રસીદની નકલ નહીં આપવા બાબતે તા.૧૧–૧૧–૧૧ ના રોજ લીધેલ વાંધા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૦૪૨ તા.૧૫–૧૧–૧૧ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ, રાજપતિ સહદેવનું તા.૯–૧૧–૧૧ ના રોજ આપેલ તથા ૧૪–૧૧–૧૧ ના રોજ નોટરી થયેલ સંમતિ પત્રકની નકલ, રામસુમરિન સહદેવ યાદવનું તા.૫–૨–૦૭ ના રોજ કરેલ એફીડેવીટની નકલ, સહદેવ તુલસીરામ યાદવે મેળવેલ તા.૧–૧૨–૭૯ ના રોજ બમરોલી ગ્રામ પંચાયતના બાંધકામ અંગેની રજાચિઠ્ઠીની નકલ , સહદેવ તુલસીરામ યાદવે તા.૨૧–૧૦–૯૦ ના રોજ લખાવેલ કબ્જા રસીદની નકલ, રામાવતી દેવનાથ યાદવે તા.૫–૨–૦૭ ના રોજ કરાવેલ કબ્જા સહિતના વેચાણ કરારની નકલ અત્રે મળેલ છે. જયારે ત્રાહિત વ્યકિત કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી ત્રાહિત વ્યકિતને તેમની અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૭૫ તા.૨૦–૧૦–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે

તા.૧૧–૧૧–૧૧ ના રોજ રામાવતી દેવનાથ યાદવે ટેના નં.૬૮એ–૦૭–૪૮૯૧–૦–૦૦૧ વાળી મિલ્કત અંગે કબ્જા રસીદની નકલની માંગણી કરી છે જે આપવા અંગે સખત વાંધો છે તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૦૪૨ તા.૧૫–૧૧–૧૧ થી માંગેલ માહિતી અંગે પક્ષકાર શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ પટેલે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ પુરાવાની નકલ આપવા અંગે હું ઈન્કાર કરું છું. તેવો નિર્ણય લઈ અરજદારને માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે ત્રાહિત પક્ષકારે સદર મિલ્કત ટેનામેન્ટના કબ્જા રસીદ પૂરતા વાંધો નોંધાવેલ છે વધુમાં અપીલ તબકકે આધાર સહિત પુરાવા રજૂ કરવા જણાવવા છતાં તેઓ તરફથી કોઈ રજૂઆત થયેલ નથી. વધુમાં અરજદારની મુળ માંગણી જમીન માલિક તરીકે નટવરભાઈ નારાયણદાસ પછીના દાખલ નામોની માહિતી માંગેલ છે. આથી તે પછીના મ્યુ. દફતરે દખલ થયેલ તમામ કરદાતાઓની માહિતીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી.

અત્રે એ પણ સૂચક છે કે રજૂ થયેલ દસ્તાવેજો અનુસાર સહદેવ યાદવના નામની બમરોલી પંચાયતની બાંધકામ રજાચિઠ્ઠી તા.૧–૧૨–૭૯ ની તારીખની છે. જયારે શ્રી નટવરભાઈ અને અન્યો પાસેથી સહદેવ યાદવે લખાવી લીધેલ કબ્જા રસીદ જે નોટરાઈઝ ૨૧–૧૦–૧૯૯૦ ની છે. જે વિરોધાભાસી દસ્તાવેજો સ્પષ્ટ કરે છે.

એ પણ ઉલ્લેખનીય છે કે ૦૫–૦૨–૨૦૦૭ ની કબ્જા સહિતનો વેચાણનો કરાર રામાવતી યાદવ ધ્વારા રામ સુમિરન યાદવ પાસે લખાવવામાં આવેલ નકલ જોતાં વિવાદિત મિલ્કતમાં રામાવતી યાદવનું ૨૦૦૭ થી હિત પ્રસ્થાપિત થયેલ જણાય છે અને તે ધ્યાને લેતાં સદર મિલ્કતમાં ફેરફારની વિગત જાણવામાં તેણી હિત ધારક સ્પષ્ટ થાય છે. ત્રાહિત ગોંવિદભાઈને આ અંગે તક આપવા છતાં અપીલ તબકકે તેમનો વાંધો રજૂ કરવામાં સફળ રહેલ નથી. તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી સમક્ષ રજૂ કરેલ તેમનો વાંધો સમર્થન વિનાનો હોવાનું સ્પષ્ટ થાય અને તેથી તેટલે અંશે જાહેર માહિતી અધિકારીનો ત્રાહિતની માહિતીની કલમ–૧૧(૨) હેઠળ નહીં આપવાનો નિર્ણય સુસંગત ઠરે નહીં.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૪–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ વિગતે માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

ત્રાહિત શ્રી ગોવિંદભાઈ પટેલનો કબ્જા રસીદ અંગેનો વાંધો તથા જાહેર માહિતી અધિકારીનો તે અંગેનો નિર્ણય તેટલે અંશે ગ્રાહય રાખવામાં આવતો નથી. શ્રી ગોવિંદભાઈ પટેલ આ હુકમથી નારાજ હોય તો દિન–૯૦ માં કલમ–૧૯(૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ,સેકટર–૧૮,અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર , નિયામકની કચેરી, ગાંધીનગરને બીજી અપીલ કરવા હકદાર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામાવતી દેવનાથ યાદવ,
(૩) શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ પટેલ,